**તાપમાન**
મહત્તમ : ૩૦.૨ ડીગ્રી
લઘુતમ : ૧૦.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૨૮ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૩૦ | ૧૧ ફેબ્રુઆરી, ૨૦૧૬, ગુરૂવાર ; મહા સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

**૧૪.૪૯ લાખ કરોડના કરવેરા વસુલાત ટાર્ગેટને હાસલ કરાશે**

**ફિસ્કલ ડેફિસીટ ટાર્ગેટ મુદ્દે ટૂંકમાં અંતિમ નિર્ણય લેવાશે**

**કરવેરાની જાળ વધુ વિસ્તૃત કરવા જેટલીની તૈયારી શરૂ**

**ટુંકમાં ડિસઇન્વેસ્ટમેન્ટ કમીશન રચવા તખ્તો તૈયાર**

**આઇએસ ગતિવિધી પર બ્રેક મુકવા એનઆઇએ આક્રમક બને છે**

**અનુષ્કા-વિરાટ કોહલી હવે એકબીજાથી અલગ**

**હવે રેપોરેટમાં ૨૫ બેઝિક પોઇન્ટનો ઘટાડો થઇ શકે**

**મનરેગાને લઇને મોદીની રાહુલ ગાંધી દ્વારા જોરદાર ટિકા**

# ગરીબો માટે ઓછી કિંમતના આવાસો બનાવાશે

**પાંચ લાખથી ઓછી કિંમતના મકાનો ગરીબોને મળશે : સ્માર્ટસિટીની સાથે સાથે પોષાય તેવા આવાસ પણ બનાવાશે**

**દેશમાં માત્ર એક ટકા લોકોને જ ૧૦ લાખથી ઉપરના મકાન પોષાય છે : નાગપુરમાં સેમ્પલ હાઉસનું ૨૦મીએ ઉદ્‌ઘાટન**



નવી દિલ્હી,તા. ૧૦
ભારતની વસતી પૈકી માત્ર એક જ ટકા વસતીના લોકોને ૧૦ લાખથી ઉપરની કિંમતના આવાસ પોષાય છે તેવા સમયે સરકારે આજે સ્માર્ટ સિટીના નિર્માણની જ પ્રતિબદ્ધતા દોહરાવી નથી પરંતુ સાથે સાથે પાંચ લાખથી ઓછી કિંમતમાં પોષાય તેવા આવાસની ઓફર પણ કરી છે. પાંચ લાખથી પણ ઓછી કિંમતના આવાસો સરકાર ઉપલબ્ધ કરાવશે. કેન્દ્રિયમંત્રી નીતિન ગડકરી દ્વારા આજે આ મુજબની માહિતી આપવામાં આવી હતી. માર્ગ પરિવહન, રાજમાર્ગ અને શિપિંગ પ્રધાન નીતિન ગડકરીએ એસોચેમની સ્માર્ટસિટી સમિટમાં વાત કરતા કહ્યું હતું કે, ઓછી કિંમતના આવાસ ખુબ જ ઉપયોગી છે. સૌથી મોટી અડચણ એ છે કે, અમારા દેશમાં માત્ર એક ટકા લોકો જ ૧૦ લાખથી ઉપરના મકાન ખરીદવાની સ્થિતિમાં છે. જો અમે પાંચ લાખથી ઓછી કિંમતના આવાસ બનાવીશું તો ૩૦ ટકા લોકો મકાનની ખરીદી કરી શકશે. તેમણે કહ્યું હતું કે, સ્માર્ટસિટીના નિર્માણ ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવાની સાથે સાથે ગરીબ લોકોને પોષાય તેવા આવાસ ઉપલબ્ધ કરાવવાની પણ સરકારની યોજના છે. નરેન્દ્ર મોદી સરકારના એજન્ડામાં આ બાબત ટોપ ઉપર છે.

● અનુસંધાન પાન-૭ પર

**સેંસેક્સમાં ૨૬૨ પોઇન્ટનો મોટો ઘટાડો નોંધાયો**

## સેન્સેક્સ અને નિફ્ટી બાવન સપ્તાહની નીચી સપાટી પર

મુંબઇ,તા. ૧૦
સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે ભારે અફડાતફડી રહી હતી. સેંસેક્સ અને નિફ્ટી બંને બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચી ગયા હતા. ક્રૂડ ઓઈલની કિંમતમાં ફરી એકવાર ઘટાડાની સાથે સાથે વૈશ્વિક બજારોમાં મંદી વચ્ચે અફડાતફડીનો દોર રહ્યો હતો. આજે કારોબારના અંતે સેંસેક્સ ૨૬૨ પોઈન્ટ ઘટીને ૨૩૭૫૯ની સપાટીએ રહ્યો હતો. સેંસેક્સ ૨૧ મહિનાની નીચી સપાટીએ પહોંચ્યો હતો. નિફ્ટી પણ ૨૧ મહિનાની નીચી સપાટીએ પહોંચ્યો હતો તેમાં ૮૩ પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો. તેની સપાટી ૭૨૧૬ નોંધાઈ હતી. બીએસઈ બેંકેક્સમાં સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો હતો. પીએનબી, બેંક ઓફ બરોડા, એસબીઆઈ, ઈન્ડસ બેંકના શેરમાં ક્રમશઃ ૮.૯૯, ૫.૨૮, ૪.૨૮ અને ૩.૯૨ ટકાનો ઘટાડો રહ્યો હતો. બજારમાં સારા સંકેત દેખાઈ રહ્યા નથી. આજે કેટલાક શેરમાં તેજી રહી હતી તેમાં કોલ ઈન્ડિયા, મારુતિ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રી, ઈન્ફોસીસનો સમાવેશ થાય છે. સેંસેક્સમાં આજના કારોબાર દરમિયાન જે શેરમાં સૌથી મોટો ઘટાડો રહ્યો હતો તેમાં તાતા મોટર્સમાં ૬.૦૪ ટકા, એસબીઆઈમાં ૪.૮૨ ટકા, અદાણી પોર્ટમાં ૩.૫૭ ટકા, સિપ્લામાં ૩.૧૭ ટકાનો ઘટાડો રહ્યો હતો. બીએસઈ મિડકેપમાં ૦.૯૫ ટકા અને સ્મોલકેપમાં ૧.૪૨ ટકાનો ઘટડાડો રહ્યો હતો. સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાએ હાલમાં જ તેના આંકડા જારી કર્યા છે. યુરોપિયન બજારમાં પણ અફડાતફડી રહી હતી. શેરબજારમાં આજે કારોબાર શરૂ થવાની સાથે જ સેંસેક્સ અને નિફ્ટી બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

# પાટીદાર આંદોલનના સમાધાનનો તખ્તો તૈયાર

**પાટીદારો અગ્રણીઓ ચાર શરતને લઈને સરકાર સાથે વાતચીત કરે છે : અનામત બાબતે સમાધાન કરાશે નહીં : હાર્દિકનો મત : સમાધાન કરવાના પ્રયાસો ચાલી રહ્યા હોવાના અહેવાલ હાર્દિકના કઠોર વલણથી વાટાઘાટો આડે અચડણો આવી**

અમદાવાદ, તા.૧૦
પાટીદાર આંદોલન લીડર હાર્દિક પટેલને મુક્ત કરાવવાને લઈને વાતચીતનો દોર ચાલી રહ્યો હોવાના અહેવાલ મળી રહ્યા છે. હાર્દિક પટેલ હજુ પણ આક્રમક મૂડમાં દેખાઈ રહ્યો છે અને અનામત બાબતે સમાધાનના મૂડમાં નથી. પાટીદારોનું કહેવું છે કે, સમાધાનની વાટાઘાટો માત્ર હાર્દિક અને અન્યોને છોડાવવા સાથે સંબંધિત છે. અનામતને લઈને કોઈ બાંધછોડ કરાશે નહીં. બીજી તરફ જ્યારે પોલીસ હાર્દિક પટેલને સુરતની લાજપોર જેલમાં લઈ જઈ રહી હતી ત્યારે હાર્દિક પટેલે મિડિયા સાથે વાત કરતાં કહ્યું કે, સમાધાનની શાંતિપૂર્ણ રીતે વાત ચાલી રહી છે. જે અંગે સમય જતાં સમાધાન થયું કે, નહી તેની જાણ થઈ જશે. સરકાર સાથે જેલમાંથી છુટવા બાબતે સમાધાન થશે, અનામત બાબતે નહીં, હાર્દિક પટેલે આ પ્રકારે સ્પષ્ટ વલણ અપનાવી લાલજી પટેલે આપેલી શરતોમાં એકંદરે સમર્થન હોવાનું ચિત્ર છત્તું કર્યુ છે. ઉલ્લેખનીય છે કે, જયરામભાઈ પટેલે દ્વારા ગઈ કાલે જ જેલમાં હાર્દિક સાથે વાતચીત કરવામાં આવી હતી, જે પછી આ જે તેઓએ મુખ્યપ્રધાન સાથે મુલાકાત કરી છે. જેનાથી ક્યાંકને ક્યાંક હાર્દિક સાથે સરકાર સમાધાન કરવાનો તખ્તો ઘડી રહી હોય અને જયરામભાઈ પટેલ તેમાં બંને પક્ષે વાટાઘાટોથી સમાધાન પ્રક્રિયામાં જોડાયેલા હોય તેવું જણાઈ રહ્યું છે. જોકે આ પ્રકારના સંજોગો સામે અચાનક જ લાલજી પટેલે સરકાર સાથે સમાધાન માટેની ચાર શરતો મુકી વિવાદ ઊભો કરતું નિવેદન આપતાં સરકાર અને હાર્દિક વચ્ચે ફરી એકવાર સમાધાન ખોરંભે ચઢે તેવી સ્થિતિ સર્જાઈ છે. લાલજી પટેલે કહ્યું કે, સરકાર સાથે સમાધાન માટે અમારી ચાર શરતો છે. જેમાં ૧. જેલમાં બંધ ૧૩ પાટીદારોને મુક્ત કરવા ૨. આંદોલન દરમ્યાન પોલીસ દમન કરનાર જવાબદાર અધિકારીઓને સસ્પેન્ડ કરો ૩. પાટીદારોને અનામત અંગે યોગ્ય કાર્યવાહી શરૂ કરવી ૪. આંદોલન દરમ્યાન થયેલા કેસો પરત ખેંચો.

**બજેટ સત્ર પહેલા સાંસદો સાથે મહત્વની વાતચીત**



**રોડ એક્સીડેન્ટ ડેથના ડીપ સ્ટડીને અંતે**

# પાટનગરમાં આજથી હેલ્મેટ ફરજીયાત

**હેલ્મેટ-સીટબેલ્ટ વિના ફરતો એક પણ વાહનચાલક દંડની પાવતી વગર શહેરમાંથી નિકળી નહી શકે : સીસીટીવી કેમેરા સજ્જ આઠ પોઈન્ટ સહિત કુલ ૨૭ પોઈન્ટ પર પોલીસની ડેઈલી ડ્રાઈવ રહેશે : મંત્રીથી લઈને સંત્રી સુધી કોઈને પણ ન છોડવા એસ.પી.ની કડક સુચના**

ગાંધીનગર, તા. ૧૦
ગાંધીનગર જિલ્લા વિસ્તારમાં રોડ એકસીડેન્ટમાં મૃત્યુના ચોંકાવનારા આંકડાઓ જોતા આ બાબતને ગંભીરતાથી લઈને ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે ટ્રાફીક પોલીસને સુચના આપી રોડ એક્સીડેન્ટ ડેથનો ડીપ સ્ટડી કરાવ્યો હતો. જેમાં ધ્યાને આવ્યું છે કે અકસ્માત બાદ હેડ ઈન્જરીને કારણે સૌથી વધુ વ્યક્તિઓના મૃત્યુ થયા છે. જેને પગલે એસ.પી.એ પાટનગરમાં હેલ્મેટ, સીટબેલ્ટ કમ્પલ્સરી કરવાનો મહત્વનો નિર્ણય લઈ તેની કડક અમલવારી માટે ડેઈલી ટ્રાફીક ડ્રાઈવ રાખવાની સુચના આપી દીધી છે. શહેરમાં ૮ સર્કલો પર લાગેલા સીસીટીવી કેમેરા મારફતે ઈ-મેમો તો અપાશે જ, પરંતુ તે સિવાય શહેરના અન્ય ૧૨ પોઈન્ટ ઉપર પોલીસની ટુંકડીઓ કોઈનું પણ સાંભળ્યા વિના હેલ્મેટ-સીટ બેલ્ટ નહી હોય તો દંડની પાવતી પકડાવી દેશે. મંત્રીથી લઈને સંત્રી સુધી કોઈને પણ ન છોડવા એસ.પી.એ આજે પોલીસને કડક સુચના આપી દીધી છે. ટ્રાફીક નિયમોનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ત્રણ થી વધુ વાર પકડાશે તો તેનું લાયસન્સ રદ કરાવવા સુધીની પણ કાર્યવાહી કરવામાં આવશે.

ગાંધીનગર શહેર તથા આસપાસના વિસ્તારોમાં ફેટલ એક્સીડેન્ટના રોજેરોજના કિસ્સાઓ જોઈને એસપી વિરેન્દ્રસિંહ યાદવે સર્વે કરાવ્યો હતો કે એક વર્ષમાં એક જ સ્થળ પર ત્રણથી વધુ ફેટલ એક્સીડેન્ટ થયા હોય તેવા સ્થળ કેટલા ? રીપોર્ટ આવ્યો કે ૫૦થી વધુ..! આ ૫૦ થી વધુ સ્થળો પર છ માસમાં ૮૭ વાહનચાલકો મૃત્યુ પામ્યા હતા જ્યારે જિલ્લા આખાયમાં એક વર્ષમાં ૨૭ વ્યક્તિના મૃત્યુ હત્યાથી થયા હતા..! મતલબ કે જિલ્લામાં હત્યાથી મૃત્યુઆંક ઓછો છે પરંતુ રોડ એક્સીડેન્ટમાં મૃત્યુઆક વધુ..! ગંભીરતાથી આ બાબતને લઈને એસપીએ ટ્રાફીક પોલીસ, આરએન્ડબી, પાટનગર યોજના વિભાગ સહિતના અધિકારીઓની અનેકવાર બેઠકો યોજીને આવા ખતરનાક સ્પોટ ઉપર શુ કરીએ તો માર્ગ અકસ્માત ઘટે, તે વિષય પર ચર્ચા કરીને સ્પોટ પર પહોંચી વર્ક આઉટ કર્યુ હતુ. જરૂર જણાય ત્યાં બમ્પ મુક્યા, હોર્ડીંગ્સ લગાવ્યા, બોર્ડ ચિતરાવ્યા, બમ્પ ઉપર સફેદ પટ્ટા લગાવ્યા, કટ હટાવ્યા, સર્કલ બનાવ્યા..! તે ઉપરાંત માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા વ્યક્તિઓમાં સૌથી વધુ વ્યક્તિઓ માથામાં ઈજાઓ થવાના કારણે મૃત્યુ

● અનુસંધાન પાન-૭ પર

## રોડ એન્જીનીયરીંગમાં સુધારો કરાવ્યા બાદ મૃત્યુઆંક ઘટાડવામાં પોલીસને સફળતા

**૫૦ એક્સીડેન્ટ ઝોન પર છ મહિના પહેલા ૮૬ના મૃત્યુ થયા હતા જે વર્કઆઉટ બાદ ૬૫ થઈ ગયા : છ મહિનામાં ૨૧ મૃત્યુઆક ઘટ્યો**

ગાંધીનગર એસપીએ ૫૦ એક્સીડેન્ટ ઝોન લીસ્ટ આઉટ કર્યા હતા. જે સ્થળો પર જરૂરી અભ્યાસ કરીને રોડ એન્જીનીયરીંગમાં સુધારો કરાવ્યો હતો. આ વર્કઆઉટ કર્યાના છ મહિના પહેલા એક્સીડેન્ટ ઝોન પર ૮૬ના મૃત્યુ થયા હતા તે વર્કઆઉટ થયા બાદ છ મહિનામાં ૬૫ એ પહોંચી ગયા છે. છ મહિનામાં વાહન અકસ્માતમાં મૃત્યુનો આંક ઘટી જતા પોલીસનો આ સર્વે સફળ નિવડ્યો છે. હજુ પણ તે અંતર્ગત કામ ચાલી રહ્યુ હોવાનું એસ.પી.નું કહેવું છે.

## હેલ્મેટની ફરજ પાડવા શાળા-કોલેજોમાં પણ પત્રવ્યવહાર કરાશે

ગાંધીનગર પોલીસ શાળા-કોલેજો તથા કોર્પોરેટ કંપનીઓની સાથે પત્ર વ્યવહાર કરીને સંસ્થાના વિદ્યાર્થીઓને તથા કર્મચારીઓને હેલ્મેટની ફરજ પાડવા માટે પ્રયત્નો કરવામાં આવશે. ટીસીએસ કંપનીના કર્મચારીઓને એન્ટ્રી માટે હેલ્મેટ ફરજીયાત છે તે ઉદાહરણરૂપ છે.

## ટ્રાફીક નિયમનની કામગીરીમાં ફરીથી હોમગાર્ડ જવાનો જોડાશે

તાત્કાલીક રેન્જ આઈજીપી હસમુખ પટેલે કેટલીક ફરીયાદોને પગલે ટ્રાફીકની કામગીરીમાંથી હોમગાર્ડ જવાનોને મુક્ત કરી દીધા હતા. જો કે હવે આ કડક અમલવારી માટે ફોર્સની જરૂર પડશે. જેને પગલે ૩૦૦ હોમગાર્ડ જવાનોને ટ્રાફીક નિયમનની કામગીરીમાં આજથી ફરીથી જોડી દેવામાં આવ્યા છે. ટ્રાફીક પોલીસ, સ્થાનિક પોલીસ, ટ્રાફિક બ્રિગેડ અને હોમગાર્ડ જવાનોનો આ કડક અમલવારી કરાવવા માટે ઝુંબેશમાં સમાવેશ કરવામાં આવશે.

# તમામ સાંસદો પ્રોએક્ટિવ ભૂમિકા અદા કરે : આનંદીબેન

**રાજ્યના વિકાસની ગતિશીલતા, વ્યાપક જનહિતને ધ્યાનમાં લઇ આગળ વધવાની જરૂર છે : મોદીનો આભાર માન્યો**

અમદાવાદ, તા.૧૦
મુખ્યમંત્રી આનંદીબેન પટેલે રાજયના સાંસદો સાથે યોજેલી બેઠકમાં જણાવ્યું કે કેન્દ્રમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નવી સરકારની રચનાના માત્ર દોઢ વર્ષના સમયગાળામાં જ ગુજરાતના લાંબા સમયથી પડતર પ્રશ્નો પૈકીના ૨૧થી વધુ પ્રશ્નોનો રાજયની તરફેણમાં સુખદ ઉકેલ આવ્યો છે. મુખ્યમંત્રીએ ગુજરાતના આ પ્રશ્નોના ત્વરિત નિવારણ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયના મંત્રીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. આનંદીબેને રાજયના સાંસદોએ ગુજરાતને સ્પર્શતી બાબતો પ્રત્યે યોગ્ય પ્લેટફોર્મમાં ફળદાયી રજુઆતો કરી છે તેનો પણ આ પ્રશ્નોના ઉકેલમાં સક્રિય ફાળો રહ્યો છે. તેમ ઉમેર્યુ હતું. સંસદના આગામી સત્ર પૂર્વે ગુજરાતના કેન્દ્ર સરકાર સાથેના મહત્વના પ્રશ્નોની છેલ્લામાં છેલ્લી સ્થિતી અંગે સંસદ સભ્યોને વાકેફ કરવા આજે ગાંધીનગરમાં લોકસભા અને રાજયસભાના અને રાજયસભાના સાંસદો સાથે યોજેલી બેઠકમાં આ પ્રશ્નોની ઉકેલની દિશામાં થયેલી કામગીરીની વિગતો

● અનુસંધાન પાન-૭ પર







